ભાવનગર મહાનગરપાલિકા

જાહેરનામું

ક્રમાંક/કમી/પી.એ./૭૮–૧ તા.૦૭/૦૪/૨૦૨૦

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દવારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ.ભારતમાં પણ COVID-19 ના કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દવારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ COVID-19 ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ છે. ભાવનગર શહેરમાં સંક્રમણને ધ્યાને લેતા તકેદારીના ભાગરૂપે સાંઢીયા વાડ,(રૂવાપરી રોડ) ,મોમનાવાડ,કાઝીવાડ,વોરાવાડ અને તેની આજુબાજુના વિસ્તારમાં લોકોની અવર–જવર ન થાય તે માટે અને કોવીડ –૧૯ નું સંક્રમણ ન ફેલાય તે માટે સાવચેતીના ભાગ રૂપે આ વિસ્તારોને કોરન્ટાઈન કરવાનું નકકી કરવામાં આવેલ છે.

આથી,હું એમ.એ.ગાંધી, IAS કમિશ્નર ,ભાવનગર મહાનગરપાલિકા ગુજરાત રાજય એપેડેમીક ડીઝીસ એકટ–૧૮૯૭ ની કલમ–૨,૩ અને ૪ થી પ્રાપ્ત સત્તા અન્વયે તથા ગુજરાત રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,સચિવાલય ,ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક નં.NCV.102020/SF-1/G,Date - 20/03/2020 ના પેરા –૧૧ થી મળેલ અધિકારની રૂએ ભાવનગર મહાનગરપાલિકામાં આવેલ ઉપરોકત વિસ્તારના લોકોને તા.૭/૦૪/૨૦૨૦ થી અમલી બને તે રીતે સદર વિસ્તારમાં છેલ્લા કોવીડ–૧૯ નો કેસ નોંધાયાને તારીખથી ૧૪ દિવસની મુદત સુધી ફરજીયાત હોમ કવોરોન્ટાઈનમાં રહેવા હુકમ કરુ છું

ઉપરોકત હુકમનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. અન્યથા સદર હુકમનો અનાદર કરનારની સામે ઈન્ડીયન પીનલ કોડની કલમ–૧૮૮ તથા એપેડેમીક એકટ–૧૮૯૭ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

કમિશ્નર

ભાવનગર મહાનગરપાલિકા

Scanned by CamScanner